# કેબિનેટની બેઠકમાં ગુજરાત સરકારે નિર્ણય લીધો

# માસ્ક ન પહેરવા સિવાયના ગુના માટે પોલીસ વાહનચાલકોને કોઈ દંડ ન કરે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ, ગુરુવાર

મોટર ચાલકોને માસ્ક સિવાયની બાબતોમાં થોડા સમય સુધી દંડ ન કરવાનો નિર્ણય આજે મળેલી ગુજરાત સરકારની કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. માત્ર માસ્ક ન પહેરવાના ગુનાના સંદર્ભમાં જ લોકોને દંડ કરવા જણાવવામાં આવ્યું છે. અન્ય કોઈ ગુના માટેની કલમો ન લગાવવા જણાવવામાં આવ્યું છે.

## વાહનો ડિટેઈન કરી લેવાતા કોરોનાના સમયમાં હોસ્પિટલ આવવા અને જવામાં પડતી તકલીફને ધ્યાનમાં લઈ નિર્ણય લેવાયો

ગુજરાત સરકારના વાહન વ્યવહાર ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન યોગેશ પટેલે પ્રસ્તુત માહિતી આપતા જણાવ્યું હતું કે હેલ્મેટ ન પહેરવા માટે, લાઈસન્સને લગતી બાબતોના, ઓવરસ્પીડ સહિતના ૪૫ જેટલા અન્ય ગુનાઓ માટે લોકોને કોઈ પણ પ્રકારનો દંડ ન કરવાની સૂચના આપવામાં આવી છે. અત્યારે કોઈ ગાડીમાં ૪ પેસેન્જર હોય તો પણ કોરોનાના કાળમાં ચાર સીટ પર ત્રણ જ પેસેન્જર બેસાડવાનો નિયમ કરાયો હોવાથી રૂા. ૫૦૦૦ અને રૂા.૧૦,૦૦૦ સુધીનોદંડ પોલીસ માગતી ફરે છે. ઘણાં કિસ્સામાં રૂા. ૧૦૦૦ લઈને જતાં પણ કરી દે છે. કેટલાક કિસ્સાઓમાં તેમના વાહનો પણ જપ્ત કરી લે છે. આ વાહન છોડાવવા માટે જવું પડે છે. તે તબક્કે મસમોટી લાઈનમાં પણ ઊભા રહેવું પડે છે.

ફોર વ્હિલર્સ ઉપરાંત ટુ વ્હિલર્સ અને થ્રી વ્હિલર્સમાં પ્રવાસ કરતાં પેસેન્જર્સને પણ માસ્ક સિવાયના ગુનાઓ માટે ન કનડવાની સૂચના પોલીસને આપી દેવામાં આવી છે. કેબિનેટની બેઠકમાં ટુ વ્હિલર્સ, થ્રી વ્હિલર્સ અને ફોર વ્હિલર્સના ચાલકોને આપવામાં આવતા આરટીઓના મેમા થકી રૂા. ૩૦૦૦થી ૪૦૦૦નો પણ દંડ કરવામાં આવે છે. ફોર વ્હિલર્સના માલિકોને રૂા. ૮૦૦૦થી ૧૦,૦૦૦ જેટલો દંડ કરવામાં આવે છે. તેમ જ તેમના વાહનો જપ્ત કરી લેવામાં આવે છે. આ વાહનો સાત દિવસ સુધી છૂટતા નથી. પરિણામે તેમના પરિવારમાં કોઈને કોરોનાનો ચેપ લાગે તેવા તબક્કે તેને હોસ્પિટલ લઈ જવા કે દવાખાને લઈ જવામાં અને લાવવામાં મોટી તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોની આ હાલાકી દૂર કરવાની સૂચના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વાહનવ્યવહાર મંત્રી આર.સી. ફળદુ અને ગૃહરાજ્ય મંત્રી પ્રદીપ જાડેજાને આપી હતી.

GUJARAT SAMACHAR DT.23-04-2021